સુધરેલી રીત મુજબ

વર્નાક્યુલર ટેક્સ્ટ બુકસ રીવિઝન કમીટીએ

તૈયાર કરેલી.

પહેલી ચોપડીના અર્થ.

(જેની અંદર અર્થ; (કવિતાની સમજુતી; અઘરા શબ્દો; જોડાક્ષરો; ડમ્બેલસની ડ્રિલ; પાઠના સવાલ; તથા સાર વગેરે.)

રચનાર—મેસર્સ. સી. ડી. શાહ. એન્ડ કો.

રચનારનું ઠેકાણું—શાહપોર—સુરત.

પ્રસિદ્ધ કર્તા—C. M. Shah.

પ્રસિદ્ધ કરવાનું ઠેકાણું—શાહપોર—સુરત.

સને ૧૯૨૨

છાપનાર—નારાયણરાવ લક્ષ્મણરાવ નીકમ.

છાપવાનુ ઠેકાણુ—'શંકર' પ્રી. પ્રેસ ચઉટાના પુલપર—સુરત.

કિંમત અઢી આના.

પહેલી ચોપડીના અર્થ.

પાઠ ૧.

દિવાળી=વરસનો છેલ્લો દિવસ; આસો વદ અમાસ
અક્ષર=હરફ; [illegible],
નિશાળ=ભણવાનું ઠેકાણું
રજા=છુટી.
ઓરડી=કોટડી
પાછી વળી=ફરી.
ભેગી=સાથે; એકઠી
લીપેલું છે=છાણ ચોપડી ડાઘી સાફ કરે.
ધોળે છે=ચોપડે છે; છાંટે છે
સંજેરી=ધારી
ઘુઘરા=ઘુઘરાના આકારનો ઘઉંનો બનાવેલો ગળ્યો પદાર્થ
સાથીઆ=ચુનાની ફાક વગેરેના કાઢેલા ચિત્ર
આંગણામાં=બારણાં આગળ
જમવાનું=ખાવાનું
લુગડાં=કપડાં
ઘરેણાં=દાગીના, જણસો
દારૂખાનું=આતસબાજી
ફોડે છે=સળગાવે છે.
સૌ=બધા
ગીત=રાગથી ગાવું તે
ઘરઘર=ઘેરઘેર
ફટાકડા=ફટાકા
હરખાય=ખુશી થાય.

સમજુતી—દીવાળીના દહાડામાં ઘેરઘેર દીવા સળગે છે અને ફટાકા ફડાફડ ફૂટે છે, તેથી છોકરાઓ ઘણા ખુશ થાય છે.

પાઠ ૨.

વાર=દિવસ
વિષે=બાબત
કચેરી=કોરટ.
બંધ રહે છે=રજા પડે છે
રવિ=સુરજ; સૂર્ય
દેવળ=દેહરૂં.
કેડે=પછી.
મુસલમાન=મુસલમાની ધર્મ માનનાર
જુમેરાત=ગુરૂવારની રાત
પાછો=ફરીને; બીજીવાર
અઠવાડીયું=સાત દિવસ

સમજુતી—પહેલો રવિવાર, બીજો સોમવાર, ત્રીજો મંગળવાર, ચોથો બુધવાર, પાંચમો ગુરૂવાર, છઠ્ઠો શુક્રવાર, આવે છે. (૧)

સાતમો વાર શનિ છે. તે છેલ્લો વાર ગણાય છે; એવી રીતે સાત દહાડાનું એક અઠવાડીઉં થાય છે.

પાઠ ૩.

ફરતી=ચારે બાજુએ; આસપાસ.
વાડ=કાંટાનો કે તારનો બનાવેલો આંતરો.
દરવાજો=મોટું બારણું
માંહે=અંદર
ફૂલઝાડ=ફૂલ થાય તેવા ઝાડ.
વેલ=વેલો; ભોંયપર પથરાતો ઝાડ
ચોકઠું=ચારે બાજુથી જડી લીધેલું લાકડાનું ઘર
વાવટા=નિશાન; ધજા
મોગરી=ઘંટ વગાડવાની લાકડાની હથોડી.
મહેતાજી=માસ્તર; ગુરૂજી
બેઠક=બેસવાની જગા
કલાકની શીશી-કલાક જાણવાનું સાધન
ગામ=જ્યાં થોડાં ફળીઆં અને ઘર હોય તે
નકશો=ગામ કે દેશનો ચિત્રથી નમુનો.
ચિત્રો=છબીઓ.
ટાંગેલાં=લટકાવેલાં
ઘોડી=પાટીઉં મૂકવાની બેઠક
કસરત=મહેનત કરી શરીરને મજબુત બનાવવું તે.
ખાટી=મટોડી.
મજાની=સારી.
અહીં=આ ઠેકાણે
શાળ=ઉંમેદ્દા.

પાઠ ૫.

ધોતલી=પોતડી; ધોતડી
અંગરખી=ડગલી.
જોડીઓ=નાના બુટ; ખાસડીઓ
દરજી=લુગડાં શીવનાર
સુરવાલ=સાંકડા પાયચાનો લેંઘો.
ફળીઉં=મહોલ્લો.
કોટ=ડગલો
ઘાઘરી=નાનો ચણીઓ
ઓઢણી=છોકરીઓને ડીલે તથા માથે ઓઢવાનું પણ ગજનું લુગડું
પરીક્ષા=તપાસણી.

પાઠ ૬.

ચોકખાઇ=સફાઇ; સુઘડતાઇ.
ચોકખા=સાફ.
મેલાં=ગંદા, મેલવાળા.
બરાબર=સારી રીતે.
ડીલ=શરીર
ગંદી=ખરાબ; મેલી
બદબો=બદબોય.
ફોલ્લો=ગુમડું; ગાંઠું
ખસ=ઝીણી ફોલ્લી;

ખુલાશો

ધોવડાવવાં=સાફ કરાવવાં

ડાઘા=ટપકાં.

વાડો=ઘરની પાછળની ખુલ્લી જગા.

ગંદવાડ=ગોબરવાડ.

નાથ=ધણી.

બાંદા=ભાજારી.

કવિતા=ગાયન.

મુખડું=મોં.

દીલ=મન.

જગનાનાથ=જગતના ધણી; પરમેશ્વર.

સમજુતી—મારો ઓટલો સાફ છે, અને મારા ઘરનો ચોક પણ સાફ છે; મારાં લુગડાં સાફ જોઇને, બધા લોક મને ચોકખો કહે છે. (૧) મારૂં મોં સાફ છે, અને મારા હાથ પગ ચોકખા છે મારા ચોકખા (પાપ વગરના) મનમાં પરમેશ્વર બિરાજે છે. (૨)

પાઠ ૭.

વરસગાંઠ=સાલગીરી; જન્મ દિવસ.

ભાવ્યાં=પસંદ પડયાં; સ્વાદ લાગ્યાં

ઝટ=જલદી.

ભાણો=બેનનો છોકરો; ભાણેજ.

કઢી=છાશમાં ચણાનો લોટ આદુ મરચાં હળદર નાખી ઉકાળેલી તે.

હોઠ પણ અડયો નહિ=જરા પણ ખાધું નહિ

બીડાં=પાનમાં ચુનો કાથો સોપારી વગેરે મુકી બનાવેલી પટ્ટીઓ.

પાઠ ૮.

કાકો=બાપનો ભાઇ

કાકી=કાકાની વહુ

ભત્રીજો=ભાઇનો છોકરો

મામો=માનો ભાઈ; બાપનો સાળો

મામી=મામાની વહુ

ભાણેજ=બેનનો છોકરો; ભાણો

ફોઇ=બાપની બેન

ફુઓ=ફોઇનો વર

માસી=માની બેન.

માસો=માસીનો વર

પીતરાઇ=કાકાનાં છોકરાં

મોળાઇ=મામાનાં છોકરાં

મસિઆઇ=માસીનાં છોકરાં

ફોઇઆત=ફોઇનાં છોકરાં

બનેવી=બેનનો વર

સાળો=વહુનો ભાઇ

સાળી=વહુની બેન

ઓરમાઇ=બાપ એક ને મા જુદી જુદી હોય તે; સાવકાં

સાવકી=ઓરમાઇ (મા એક અને બાપ જુદા

જુદા હોય તે દૂધભાઈ કહેવાય)

જમાઈ=છોકરીનો વર

વહુનાં માબાપ=છોકરાનાં સાસુ સસરા

વરનાં માબાપ=છોકરીનાં સાસુ સસરા

(છોકરો કે છોકરીનો સસરો એક બીજાને વેવાઈ કહે છે.)

(છોકરા કે છોકરીની સાસુ એક બીજાને વેવાણ કહે છે)

પાઠ ૧૦.

મોટાં=મોટી ઉંમરના, વડીલ

પ્રમાણે=રીતે

પૂંઠે=પાછળ

બાવાજી=બાપાજી

વખાણ=સારું કહેવું તે

માન=આવકાર

પાઠ ૧૧.

ઉજાણી=મીજબાની

બબ્બે=બે બે

ક્યાં=કયે ઠેકાણે

આશોપાલવ=એક જાતનું ઝાડ (એનાં પાંદડાંનાં તોરણ બને છે)

વિના=વગર

પૌંઆ=ડાંગર પલાળી શેકી ખાંડીને બનાવેલા તે

ધાણી=જુવાર, મકાઈ, વગેરેના દાણાને શેકી બનાવે તે

વધારેલાં=વઘાર દીધેલાં

ખારેકી=ખારેક જેવા

હળ=લોટને શેકી તેમાં ઘી ખાંડ વગેરે નાખી બનાવેલું તે

દાદી મા=બાપની કે માની મા

રંદિરી=રંદિર થતાં

શેતરંજી=જાડું સુતરાઉ બિછાનું

પાથરણું=બિછાનું

હાર=ઓળ

શાક=દૂધી, વેંગણ પાપડી વિગેરે

ચટણી=આદુ, મરચાં, કોથમીર, મીઠું વિગેરે છુંદીને બનાવેલી તે

ખૂબ=ઘણું

મજા=રમુજ; ગમત

પછાડી=પાછળ

સરત=હાર જીત

થોભો=ઉભા રહો

જીત્યો=ફાવ્યો

સઢ=વહાણ ચલાવવા માટે પવન ભરાવવા સારૂ બાંધેલું લુંગડું

ચાલ=રીત

સુંદર=સારી

પાઠ ૧૨.

હોડી=સઢવાળો મોટો મછવો

રમત=ગમત; ખેલ

તાપ=તડકો, ગરમી

પણે=પેલે ઠેકાણે

એકાંત=એમાં

તરફ=બાજુ
તળાવ=જેની ચારે બાજુએ જમીન અને વચમાં પાણી હોયતે
મહેલ=મજા; મોજ; ગમત

પાઠ ૧૩.

ખંડ=બૈરીની કાંચળીના કપડાના કટકા રંગે
કાંચળી=બૈરાંનું કપડું
રતી=રેતી
છાની=સુંગી; ચુપ

હો=વારૂ
નજર કરી=જોઇ
ડાહી=શાણી સમજણી

પાઠ ૧૪.

દેડકાં=પાણીમાં રહેનાર ચોપગાં પ્રાણી
માળ=કારણ; કાર કરો
ફેંકા ફેંકી=નાખાનાખી
ધડા ધડ=ઢમો ધમ
માર્યાં જઇએ છીએ=દુઃખી થઇએ છીએ

અરે=ઓ
ખરી=સાચી
પ્રાણી=જીવ
પ્રાણ=દુઃખ; નુકશાન
સંભારી=સાચવી
નુકશાન=બગાડ
કદી=કોઇ વખત
ખેલતાં=રમતાં
ભારી=ઘણું

સાર—આ રમતથી લાગવાની ઇંદ્રિય, ધારણા શક્તિ વગેરે શક્તિઓ કેળવાય છે.

પાઠ ૧૫.

દયા=મહેરબાની; રહેમ
ખીજ્યા=વઢયા
તળે=નીચે
મુંઝાય=ગભરાય; કચવાય
ફાંફાં=ખોટી મહેનત
ઢોર=ગાય, ભેંસ, બળદ વગેરે ઘાસ ખાનારા પશુ
ઝાંખના=ખખના

સંભાળ=ખબરદાર
વખતસર=બરાબર વખતે
સાફ=ચોકખી
નીરવાનું=નાખવાનું
સોળ=ઝપાટાની નિશાની; લાકડીના મારથી જે લીસોટા પડે છે તે
માફ=ક્ષેમ
બલી=બીમારી

ગજા=શક્તિ
ઉપરાંત=વધારે

પાઠ ૧૬.

એનઘેન=રમતનું નામછે
છુટા=બંધન વગરના
દાવ=વારો
પહેલાં=અગાઉ
ભખ=[illegible]

બંધકર=મીંચ
બાકીના=બીજા
વાસો=પીઠ; બરડો
વારા ફરતી=એક પછી એક
દીવાધેન=આંખ બંધ કરવી તે
સમજ્યો=જાણ્યું
સેળભેળ=એકઠા
હોંશિયાર=ચાલાક
પારખી=ઓળખી
સંતાવા=છુપાવા
અડશો=અડકશો
બચીજશે=વારો આવશે નહિ.
લાંબો વખત=ઘણીવાર
ઓળખ=પારખ
શાબાશ=ધન્ય; ઠીક
બસ=ઘણું

સમજુતી—રમત ગમત કરતાં, કોઇ વખત પણ કોઇને નુકશાન કરવું નહિ; નઠારી રીતે રમતાં ઘણું નુકશાન થાય છે.

પાઠ ૧૭.

સાચ=સાચું; સાચીવાત
ગમ્યો=પસંદ પડ્યો
દેસાઇ=જાગીદાર
છૈયાં=છોકરાં
ગાળ=ખરાબ શબ્દ
જુઠું=ખોટું
હેત=માયા; પ્યાર
ભાવ્યો=પસંદ પડ્યો
દેખે=જુએ
કાપે=કાપ મૂકે
કાપ=ચીરા
ગભરાયો=અકળાયો
સાચાબોલું=ખરૂં બોલનાર

પાઠ ૧૮.

વાઘ=ફાડી ખાનારું ચટાપટાવાળું પ્રાણી
મશ્કરી=મજાક
પસ્તાય=દીલગીર થાય
બચ્યા=ઉગર્યા
સીમ=ખેતર
અમથી=ખોટી; જુઠી
ધાજો=દોડી આવજો
આસપાસ=આજુબાજુ
શરમાઇ=લજવાઇ
ખોટું=ખરાબ; માઠું
સાચી=ખરી
રોવા=રડવા
છેતર્યા=ઠગ્યા
વા'રે=મદદે
વા'રે ધાયા=મદદે દોડી આવ્યા
સપડાય=ફસાય
જુઠાણું=ખોટારું; જુઠું
આખર=છેવટ
જન=માણસ

સમજુતી—જે માણસ બીજા માણુની મશ્કરી કરે છે તે

માણસ પહેલાં કે પછી પકડાય છે; ખોટારૂં જલદી જણાઇ આવે છે, અને આખરે તે જુઠો માણસ દીલગીર થાય છે, (૧૧)

પાઠ ૧૯.

જુકિત=કળા; યુકિત
પોકે પોક મૂકી=મોટે સાદે ધાંટા પાડી
અલ્યા=કોઇને નામ દીધા વગર બોલાવવું તે
બચાવ=ઉગાર
આઘું=દૂર
એકેકને=દરેકને
કબુલ કરી=માની

પાઠ ૨૦.

ગરીબ=પૈસા વગરનો
અન્ન=અનાજ
ભિખારી=જેની પાસે ખાવા પીવાનું ન હોય તે; ભીખ માગનાર
ભજન=ઇશ્વરના ગુણ ગાવા તે
પુરા=પુરતા; જોઇએ તેટલા
આંધળો=જેને બે આંખે દેખાય નહિ તે
ભીખ=માંગી ખાવું તે
પગે અપંગ=પગે ખોડ વાળો; લુલો; લંગડો
અપંગ=લુલો, લંગડો આંધળો, બહેરો વગેરે ખોડવાળો
દયા=મહેરબાની
ભગવાન=પરમેશ્વર
ભલું=સારૂં; કલ્યાણ

પાઠ ૨૧.

સરદાર=ઉપરી
સ્વપ્નું=ઉંઘમાં આવતા વિચાર
જંગલમાં=વનમાં
હરણી=હરણની માદા
રૂપાળું=શોભિતું
ઉપાડી=ઉંચકી
એકદમ=તરત
છલંગ=ફાળ; કૂદકો
દેવતાઇ=દેવના જેવો

પાઠ ૨૩.

પુરૂષ=માણસ
ઉંદરડી=ઉંદરનું બચ્ચું
રસોડું=રસોઇ કરવાની જગા; રાંધણી
ભરાઇ=સંતાઇ
ભાત=બાફેલા ચોખા
ખાવાનું=ખોરાક
સારાં=ભલાં
ઉપલા=ઉપરના
બાકું=કાણું
પોળી=બેવડવાળી રોટલી
મન=મરજી; ખુશી
મણા=ખામી; ખોડ
ઉંદરીઉં=ઉંદર પકડવાનું પીંજરૂં
ભોગજોગે=એકાએક
પાર=છેડો
વલે=હાલ; દશા
સાર-બાળકોએ મોટા- ની [illegible]

પાઠ ૨૫.

કાંઠે=કિનારે
પોલ=પોલાણ
દર=કાણું; સાપ, ઉંદર મકોડા, કીડી વગેરેને રહેવાનું ઘર
ઝેરી=ઝેરવાળો
પંખી=પાંખવાળા જનાવર; (ચકલી, પોપટ; કાગડા વગેરે પંખી કે પક્ષી કહેવાય)
ફુંફાડા=ફૂં ફૂં અવાજ કરવો તે
ફેણ=સાપની પહોળી કરેલી ગરદન
છોલાય=ઘસાય; સોરાય
વળગીને=બાઝીને
ચટકા=ડંખ
ભોંય=જમીન
પછાડી=અફાળી
ત્રાસ=પીમળ
પછાડા=તરફડીઆ
અંતે=આખરે; છેવટે
જોરાવર=જબરી
જીવ લીધો=મારી નાખ્યો
ઝાઝા=ઘણા
નબળા=જોર વગરના
વેર=અદાવત
નાગ=ફેણવાળો સાપ
પ્રાણ=જીવ

સમજુતી—જોર વગરના પણ ઘણા માણસ સાથે કોઇ પણ દિવસ વેર કરવું નહિ; જુઓ કે આ રીતે ઘણી કીડીઓએ મળીને મોટા સાપને પણ મારી નાંખ્યો.

સાર—કોઇને હલકું ગણી તિરસ્કાર કરવો નહિ, તેમજ પોતાની શક્તિ વધારે છે એમ ધારી અહંકાર કરવો નહિ.

પાઠ ૨૬ મો.

ચતુરાઇ=હોંશિયારી
કુબ્જો=બોટવો
આમતેમ=આજુબાજુ
ફાંફાં=ખોટી મહેનત
ઉપાય=ઇલાજ
સૂઝી આવ્યો=જડયો
પાછી=બીજીવાર; ફરીને
મટાડી=દૂર કરી
નાચતો=કૂદતો
ખુપાઇ=સંતોષ
કાજે=માટે; સારૂ
કંકર=કાંકરી
ધીરજ=સબુરી
કઠણ=અઘરૂં
જલદી=થોડીવારમાં
પાર મુકાય=પૂરૂં થાય

સમજુતી—બોટવામાંનું ઉંડું પાણી ઉપર લાવવા માટે કાગડાએ કાંકરા નાંખ્યા તેથી પાણી ઉપર આવ્યું. તે આજ પીધું. (૧) સબુરી ને ડહાપણથી અઘરૂં કામ હોય છે. તે થોડી વારમાં પુરૂં થાય છે; માટે બસે તમે બધા તેવી રીતે કરી જુઓ. (૨)

સાર—અક્કલ અને ધીરજથી જેવું કામ થાય છે, તેવું ફાંફાં મારવાથી થતું નથી.

પાઠ ૨૭ મો.	બચ્ચી=બોકી, ચુંબન	મજુરી કરનારા
કાપણી=અનાજ ઘાસ	ભાથું=ખાવાનું	ભાણુ=સુરજ
વગેરે કાપવાનું કામ	તાજા=કામ કરવાની	ભાણુ બુડે=સુરજ
આથમતા=આથમીજતા	શક્તિવાળા	આથમે
વહાઈ=કૃપાઈ	ઉનો=ગરમ	દાતરડું=અનાજ ઘાસ
દાદાજી=બાપના ને	માખણ=દહીંને વલો-	વગેરે કાપવાનું લોઢાનું
માના બાપ	વવાથી છાશના ઉપર	વાંકુ હથિયાર
સાદ=અવાજ	જે પીળો ને હલકો	ચાસ=ખેતરમાં હળે
મલકાવી=હસવા જેવુંકરી.	ચીકણો પદાર્થ તરી	કરી પાડેલા આડા
બેટા=દીકરા	આવે છે તે;	ઉભા લીસોટા
બાથમાં=બે હાથની	વંતાક=વેગણ	ચચ્ચાર=ચાર ચાર
વચમાં	દહાડીઆ=રોજથી	દહાડો આથમે=સાંજે

સાર—ખેડુતનો ખોરાક સાદો છે, પણ તેઓ મહેનતુ હોવાથી ઘણા મજબુત હોય છે; માટે આપણે મહેનત કરવી.

પાઠ ૨૮મો.	નાખેલા છોડ	માટે લીપી ચોકખી
ખળાં=ખળીઓ	ખળી=કણસામાંથી	કરેલી જગા
પાથરા=કાપીને ભોંયપર	દાણા છુટા પાડવા	ભાર=ઢગલો

ફાળખ્યો=ખાલી કીધો
છાબરાને=બળદની હારને
પગર=ખળામાંથી દાણા છુટા પાડવા માટે તેનાપર ઢોરોને ચલાવે છે તે
પટલાણી=પટેલની બૈરી
ઉપણી=ઝાટકી
કુચળ=ઘઉંનું ઘાસ
કારભાર=કામકાજ
હરખ=આનંદ; ખુસાલી
હરખ માતો ન હતો=ઘણીજ ખુશી થતી
હોંસીલી=ઉંમગી [હતી
પગર ફેરવતી હતી=બળદને ફેરવી તેના પગવડે ઉંબી કચરાવતી હતી
હાલરૂં=ઉંબીમાંથી ઘઉં અને છોડાં છુટા પાડવા માટે તેના ઢગલા પર બળદને હારબંધ જોડા ફેરવવામાં આવે છે તે

પાઠ ૩૧ મો.

ચંદ્રમા-ચાંદો
મેદાન=ખુલ્લી સપાટ જમીન
નીચે ઉતરી ગયો હતો=દેખાતો બંધ થયો હતો
આથમે=દેખાતો બંધ થાય
બપોર=દહાડાના બાર વાગવાનો વખત
રાત=સુરજ આથમ્યા પછી તે પાછો ઉગે ત્યાં સુધીનો વખત
અજવાળું=ઉજાસ
ઝાંખો=તેજ વગરનો
ઝગઝગે=ચળકે
ઓટલો=ઘરને લગતો ચોતરો
ઢંકાઇ=ઢંકાઇ છુપાઇ
ફોરાં=છાંટા
જરૂર=ખપ; ઉપયોગ
પાણો=કુમળાં પાંદડાંનો જથો
બી=બીયાં
પોચી=નરમ
હમણાં=હાલ; આ વખતે
તળાવ=પાણી ભરાઇ રહે તેવો મોટો ખાડો
નદી=મીઠા પાણીનો વહેતો મોટો વહેળો
પવન=વા; વાયરો

પાઠ ૩૨.

થોભ્યાં=અટક્યાં
ચોકખી=સાફ
ગામડાં=નાનાં ગામો
છોડી=મૂકી
રેલો=પ્રવાહી પદાર્થનું વહેવું તે.
રેલમ રેલા=ચારે તરફ રેલા નીકળવા તે
બિચારા=બાપડા
પછડાતા=અફળાતા
તણુ ઇ ખે ચાઇ
ઘોબરાંઓ=ઘેબરના

જેવો મીઠો

પરસાદ=ખાવાનું;

જમવાનું

કારેલું=એક જાતનું

કડવું શાક

નેવમે=નેવાએ

સમજુતી—હે વરસાદ તું આવ, જેથી કરીને અમને ઘેબરના જેવું મીઠું ખાવાનું, ઉની ઉની રોટલી અને કારેલાનું શાક મળે. હે વરસાદ તું ઘણો આવ, કે જેથી નેવામાં પાણી આવે, અને નઠારી છોકરીને દેડકાં ખેંચી જાય,

પાઠ ૩૩.

રેતી=પત્થરનો ઝીણો ભુકો

ભુકો=ઝીણી રજ

ખટોડી=માટી

ડહોળું=માટીવાળું

નીતરૂં=મેલ વગરનું; ચોકખું

ધારવાળા=અણીવાળા

તાણી=ખેંચી; ઘસડી

ખરે છે=નીચે પડે છે

તળીએ=નીચે

રસ્તો=માર્ગ; વાટ

ચુસી=શોષી

પાઠ ૩૪.

ભઠ્ઠી=મોટો ચુલો

સાંચ્યા=ગોઠવ્યા

નીંભાડો=ઈંટ પાડવા તથા પકવવાની જગા

કરણું=સખત

પછાડવાથી=અફાળવાથી

ચીકણી=ચીકાશવાળી; (ચિકાશ ત્રણ જાતની હોય છે (૧)હાથે ચોંટે એવી (૨) ડાઘા પડે એવી (૩)તાણતાં તૂટે નહિ એવી)

કાણાં=બાકાં

કણક=કેળવેલો ઘઉંનો લોટ

ઘાટ=આકાર

ઘડો=ગાગરથી નાનું વાસણ; દોરીઓ

ગાગર=ઘડાથી મોટું વાસણ

કોઠી=અનાજ ભરી મુકવાની બરણી

કોડીઆં=દીવા કરવાના માટીના ચવાણા

ફરતા=ચોગરદમ; બધી તરફ

પાઠ ૩૫.

ધાતુઓ=ખનીજ પદાર્થો; (ધાતુમાં ચાર ગુણો ખાસ છે. (૧) ધાતુના કણો ચળકતા હોય છે, (૨) ધાતુઓ ભારે હોય છે (૩) જમીનપર પડતાં ધાતુનો અવાજ થાય છે (૪) મરજી વળી શકે છે

પિત્તળ=જસત અને તાંબાની મેળવણીની બનેલી પીળા રંગની ધાતુ

લુહાર=લોઢાનો ઘાટ બનાવનાર

ધમણ=દેવતા ફુંકવાનો સંચો

સગીઓ=ગજીઓ

ખુબ=ઘણો

બાલચોળ=ધણોજ ગરમ

એરણ=સોની, લુહાર વગેરે જે પર મૂકી ટીપે છે તે

હથોડો=ધાતુઓ ટીપવાનું લોઢાનું ઓજાર મોટી હથોડી

ટીપ્યો=ઘડયો

જતરડો=તાર ખેંચવાનું હથિયાર

સોનું=પીળા રંગની કીમતી ધાતુ

રૂપું=ધોળા રંગની કીમતી ધાતુ

તાંબું=લાલ રંગની ધાતુ

કલાઇ=ધોળા રંગની ધાતુ (એ રૂપા કરતાં નરમ હોય છે)

સીસું=ધોળા મેળા રંગની ધાતુ

સોનું, રૂપું, તાંબું, લોઢું, સીસું, જસત, કલાઇ, અને પિત્તળ એ ધાતુઓનું ઓળખાણ કરાવવું અને તેનો તફાવત સમજાવવો.

પાઠ ૩૬.

નાણું=ચલણી સિક્કો

શેઠ-શાહુકાર

પૈસો=ત્રણ પાઇની કિંમતનો તાંબાનો સિક્કો સવાકો; દોઢીકું

ઢબુ=બે સવાકાની કિંમતનો તાંબાનો સિક્કો બે સવાકા; અઢીકો.

અધેલો=અડધો પૈસો; ઢેંઢપાઇ; દોઢપાઇની કિંમતનો તાંબાનો સિક્કો.

રૂપીઓ=સોળ આનાની કિંમતનો રૂપાનો સિક્કો

અડધો=આઠ આનાની કિંમતનો રૂપાનો સિક્કો

પાવલી=ચાર આનાની કિંમતનો રૂપાનો સિક્કો;

બેઆની=બે આનાની કિંમતનો રૂપાનો કે નીકલનો સિક્કો;

મહોર=પંદર રૂપીઆની કિંમતનો સોનાનો સિક્કો; ગેણી

આની=ચાર સવાકાની કિંમતનો નીકલનો સિક્કો;

વટાવ્યા=છુટા પૈસા લીધા

૧૫ રૂપીઆ=એક ગેણી; મહોર

૨ અડધા= ૧ રૂપીઓ

૪ પાવલી=૧ રૂપીઓ	૩૨ ઢબુ ૧ રૂપીઓ	૧૯૨ પાઇ=૧ રૂપીઓ
૮ બેઆની=૧રૂપીઓ	૬૪ સવાકા=૧રૂપીઓ	
૧૬ આની=૧રૂપીઓ	૧૨૮ દેઢપાઇ=૧રૂપીઓ	

સૂચના—નાણાંની વાત "મુખગણિત શિક્ષક" માં જુઓ.

ટીપ—પૈસાને કાઠિયાવાડમા કાવડીઉં, ગુજરાતમા જંઇ, સુરતમાં રવાંકો, અને મુંબઇમાં દોઢીકું કહે છે.

પાઠ ૩૭.	ધાર=અણીદાર કોર	ચળકાટ ઝળકાટ
કુહાડી=લાકડા ફાડવાનું	ચોરૂં=ફાડું	મોટાપ=વડાપ;
લોઢાનું ઓજાર	મુંદર=કુહાડીના માથા	કોદાળી=જમીન ખોદવા-
સોય-લુગડાં શીવવાનું	પરનો ભાગ; કુહાડીનો	નું લોઢાનું ઓજાર
લોઢાનું ઓજાર	ઉપલો ભાગ	વઢી=લઢી
લક્કડફોડા=લાકડા ફાડ	તોલે=બરાબર	દીકરી=છોકરી
નારા	નાકું=કાણું	પેદા થયા=નીકળ્યા
તકરાર=રકઝક; વઢવાડ	અણી=તીણો ભાગ	

સાર—આ દુનિયામાં બધી વસ્તુઓ ઉપયોગી છે; માટે કોઇએ બડાઇ કરવી નહિ.

પાઠ ૩૮.	ક્યારા=આસપાસ પાળ	ફળે છે=ફળ આપે છે
વાડી=ફૂલફળવાળી	કરેલી હોય એવી જગા	દાડમ-દાડમડીનું ફળ
જગો; નાનો બાગ	ચોરસ=આકારનું નામ	જમરૂખી=જમરૂખનું ઝાડ
માળી=ફૂલ વેચનાર;	ચોરસ=ચાર ખુણાવાળો	પક્ષી=પંખી, પાંખવાળા
છોડ ઉછેરનાર	આકાર	જાનવર
ફૂલઝાડ=ફૂલ થાય તેવા	ગલગોટા=એક જાતનું	ડાળી=થડમાંથી નીકળે-
છોડ અથવા ઝાડ	લાલ પીળા રંગનું ફૂલ	લો ફાંટો

લાંબી ગોળ-લંબગોળ
મધપુડો=મધમાખીને
રહેવાનું ઘર
મધમાખી=મધ બનાવ-
નારી માખી
મધ=ફુલમાંથી ચુસેલો
મિઠાશવાળો પ્રવાહી
પદાર્થ
કોસ=કુવામાંથી પાણી
કાઢવાનો ચામડાનો
કોથળો
આવ્યો રાજ=કોસ ઉપર
આવ્યો
થાળું=કુવાના મથાળા
પર પાણી ભરવાને
ઢાળ પડતું બાંધેલું
વહેળું
લલકારતો=લહેકારી
બુમો પાડતો
નીક=પાણીજવાનો રસ્તો
લીલાછમ=ઘણાજ લીલા

પાઠ ૩૯.

છોડવા=નાનાં ઝાડ
ઉખેડી=મૂળમાંથી ખેંચી
મુળીઉં=મૂળ
ડાંડી=ડાળી
કળી=ખીલ્યા વગરનું
ફુલ
જીવતા=જીવવાળા
સુકાઇ જાય=ચીમળાઇ
જાય
પથરાઇ ફેલાઇ
વેલા=ભોંયપર પથરાતા
છોડ

પાઠ ૪૦.

ટટાર=સીધા
છાલ=ઝાડની ચામડી
ખરબચડી=ખાડા ટેકરા
વાળી

પાઠ ૪૧.

ગલકી=ગલકાનો વેલો
વળગી=બાઝી
છાપરું=ઘરનો ઉપરનો
ભાગ જેપર નળીઆ
હોય તે
વીંટલાઇને=લપેટાઇને
આરીઆના=કુમળા
ચીમડાના
દોરડી=દોરી
અંતરે=છેટે
ગાંઠા=ગાંઠ

પાઠ ૪૨.

કેરી=આંબાનું ફળ
આંબો=કેરીનું ઝાડ
મોર=આંબા આંમલીનાં
ઝીણાં ફુલ
તાપે=તડકે
ભાર=બોજ
નીચી નમતી=લચીજતી
ગોટલો=આંબાનું બી.
ગોટલી=આંબાનું બીનું
ઢાંકણ
ધોળજે=દાબી દાબીને
પોચી કરજે
ભગવાને=પરમેશ્વરે
જતન=સંભાળ
ઢીલો=પોચો
દીઠું=દીઠું

પાઠ ૪૩.

ધીમે=હળવે
હીંડે=ચાલે
ભરતાં-ભો ભોં કરતાં
સામી થાય છે=લઢવાને તૈયાર થાય છે
અમળાઇને=વળખાઇને; મરડાઇને
જડબાં=ડાચાં
વાગોળવું=ખાધેલું પાછું મોંમાં લાવી ચાવવું
નિરાંતે=સુખે, નચિંતે
ઉપાડે=ઉંચકે
ખરી=ગાય ભેંસ વગેરેના પગના તળીઆનું હાડકું
ફાટ=ચીરો
ખાડા=ખામોચીઆં
જોરાવર=જબરી
વગડાઉ=જંગલી; જંગલમાં રહેનારી
ઘુરી ચડે=ક્રોધે; ભરાવે

પાઠ ૪૪.

લાગ=દાવ; વખત
ટોળામાંથી=જથ્થામાંથી
છટકી=નાસી
ડુંગરા=નાના ટેકરા
ચારો=લીલું ઘાસ
ગાંડી=ગોઠવી; મૂકી
ઠરતા=થોભતા
કૂદકો=છલંગ ફાળ ઠેકડો
ચન્દુપાટ=બરાબર ચન્દુ
ભરવાડ=ઘેટાં બકરાં ચારનાર
ફેર=ફરક; તફાવત
મજબુત=જબરા
ઓછા=થોડા
ઊન=ઘેટાના વાળ

પાઠ ૪૫.

મીઠું=મીઠાશ વાળું
ગુણ=ફાયદો
ઠંડું=ટાઢું
ઉનું=ગરમ
બગડી જાય=ફાટી જાય
ચોકખું=મેલ વગરનું; માંજેલું
આંચળ=થાન
મેલ=કચરો
દાણો=બાડ઼ ગુવાર વગેરે
જણસો=વસ્તુઓ; ચીજો
છાશ=દહીંમાં પાણી નાખી વલાવવાથી બને છે તે
તાવીને=ગરમ કરીને
શીખંડ=દહીંમાં ખાંડ નાખી છણવાથી બને છે તે
લોચો=લચકો
માવો=દૂધને બાળી બાળીને લોચા જેવું કરે છે તે
પેંડા=માવામાં ગુળ નાંખી ગોળ બનાવે છે તે
તર=મલાઇ
દૂધપાક=દૂધને ઉકાળી

ખાંડ ચોખા નાખી
બનાવેલો પાક
બાસુદી=માવો થતાં
પહેલાં દુધ નાંખી
બનાવેલો પદાર્થ

પાઠ ૪૬.

પ્રાણી=જેને જીવ છે અને
જે અહીંથી તહીં
હરીફરી શકે છે તે
છેલ્લી=છેવટની
ડાહીઓ=કુતરાનું નામ છે
સભા=મંડળી; ટોળી
ઉપરી=મોટો; વડો
ઠરાવ્યો=નક્કી કર્યો
ટીપુ=કુતરાનું નામ છે
ચાલાક=હોશિયાર;ચંચળ
કારકુન=મહેતો; લખવાનું
કામ કરનાર
ચુપચુપ=ચુપ
અંતે=આખરે; છેવટે
ગંધ=વાસ
શિયાળ=ફાડી ખાનારૂં
કુતરા જેવું જનાવર
રીઝે=ખુશ થાય
ગાંસ=ગોસ
અણીવાળા=તીણા
દાઢ=બેવડા દાંત
કરકરા=ખરછટ; નરમ
નહિ તે
ફુટતો=બહાર નીકળતો
ધણી=માલીક
જે=જય; ફતેહ

પાઠ ૪૭.

ચાંચ=પક્ષીનું મોં
સમડી=એક જાતનું પક્ષી
કબુતર=એક જાતનું પક્ષી
કીડા=પેટે ચાલનાર
જીવડા
જીવડાં=જંતુ; નાના જીવ
માળા=પક્ષીના ઘર

પાઠ ૪૮.

પાંજરૂં=પીંજરૂં; (પોપટ
ઉંદર, કોયલ, તીતર;
વાઘ; સિંહ વગેરેને
માટે બનાવે છે તે.)
બુચીયો=આખા વિનાનો
તરબુચ=એક જાતનું ફળ
કકડે=ટુકડા
કા, કા=કાગડાનું બોલવું
ફેર=તફાવત; ફરક
જીવજંતુ=નાના જીવડાં
કોહેલું=કોહી ગએલું;
બગડી ગએલું
સડેલું=સડી ગએલું;
જીવડા પડેલું
પાછળ=પછાડી
લાલ=રાતી
છેડેથી=નાકેથી
ભાવ્યું=પસંદ પડયું
કુદતો=કુદકા મારતો
ચોક=ઘરની વચમાંની
છાબંધ ખુલ્લી જગા

પાઠ ૪૯.

રકાબી=ઉંડી તાસક
હલાવ્યું=એક રસ કર્યું
વાહ=શાબાશ
નારંગી રંગ=નારંગીના
જેવો રંગ

સરખે ભાગે=બરાબર

પાઠ ૫૦.

પારણું=લાકડાના ચોકઠાનું ઘોડીયું

ઝોળી=ચાર છેડા બાંધી લઇ વચગાળાંથી ઝુલતો રાખેલો લુગડાનો કકડો

પાસું=બાજુ

પાંગરા=ઝોળીએ ભેરવવાની લાકડીઓ

દોયણું=ઝોળી બાંધવાની દોરી

ઝાપટી=ખંખેરી

મોભ=ઘોડીઆની વચમાંનો આડો થાંભલો;

ભેરવ=વળગાડ

ભમરી=લાકડાની ફુદડી; ચકરડી

પાયા=પગ

પોચી=સુંવાળી; નરમ; ખુંચે નહિ એવી

ગોદડી=નાનું ગોદડું

હીર=રેશમ

ઝુલાવવા=હલાવવા

હાલરડું=બાળને ઉંઘાડવાનું ગીત; હાલો

હુલરણું=પારણા કે ઘોડીઆમાં સુવાડીને ગાતાં ગાતાં દોરી ખેંચી હીચકા નાંખવા તે

ગીતે હુલણું ઘાલું=હાલરડાં ગાઇ હીંચકા નાખુ

રંગીત=રંગીલો

પોઢો=સુઓ

હેતે=વહાલથી

ઝુલાવું=હીંચકા નાખું

પધારવું=બેસાડું

ચીતરેલ=ચીતરેલી

પઢાવું=શીખવું, ભણાવુ

મોરલા=મોર

મઢાવું=જડાવું

મખમલ=એક જાતનું સુવાળું કપડું

તળાઇ=ગાદલું; ગદેલો

તાજી=નવી

ચિનાઇ=ચીન દેશમાં બનેલી

સેજ=પથારી

બિછાવું=પાથરું

હીંચોળું=હીંચકા નાખું

ઘેરાં ઘેરાં=મધુરાં મધુરાં

લાડકડા=લાડકા; વહાલા

સમજુતી—હાલરડું વહાલું લાગે છે. હો મારા બાઇને (છોકરાને) હાલરડું વહાલું લાગે છે; તેથી હું ગીત ગાતાં ગાતાં દોરી ખેંચીને હીંચકા નાંખું; હે રસીલા તમે રંગેલા પારણામાં સુઇ જાઓ, તો હું તમને ઘણા હેતથી હીંચકા નાંખું બાઇને પારણે ભમરીઓ જડાવું અને પુતળીઓ બેસાડું, બાઇને હાલરડું વહાલું લાગે છે. (૧) પારણે

ચીતરેલી ચાંચની ચકલી, અને ભણતો હોય એવી રીતે પોપટ બેસાડું; ભાઇ તારે સારી રીતે રમવા માટે મોરને સોનાથી જડાવું, બાઇને હાલરડું વહાલું લાગે છે. (૨) પારણામાં મખમલ અને મશરૂની નવી તળાઇઓ પથરાવું અને તેના ઉપર ચંપાના ફુલની તરેવાળી ચીનાઇ ચાદર પાથરૂં, બાઇને હાલરડું વહાલું લાગે છે. (૩) મારા વહાલા ભાઇ હું પારણે રેશમી દોરી બાંધું તને હીંચકો નાંખું અને તને ઉંઘ આવે એવાં મીઠાં ગીત ગાઉં; હે ભાઇડા જ્યારે તમે ઉંઘીને ઊઠશો ત્યારે તમારા ગજવામાં ખાવાનું ઘાલીશ. (મતલબ કે ઉંઘીને ઊઠ્યા પછી તને ખાવાનું આપીશ) બાઇને હાલરડું વહાલું લાગે છે. (૪)

પાઠ ૪.

નિશાળીઆને બોધ.

ઇશ્વર=પરમેશ્વર
નિત્ય=રોજ, હંમેશાં
નિત=રોજ; હંમેશાં
પરોઢીએ=સુરજ ઊગતા પહેલાં
તમામ=બધા; સઘળા
દો=આપો

માન=આબરૂ
ગુરૂ=મહેતાજી; માસ્તર
સમા=જેવા; બરાબર
જ્ઞાન=સમજણ; અક્કલ
તજવું=છોડી દેવું; કાઢી નાખવું
અંગ=શરીર
હળીમળીને=સંપીને
સંગ=સોબત; દોસ્તી

ચોડી=લગાડી
ચિત્ત=મન
શિક્ષા=શિખામણ; બોધ
રૂડી=સારી
રીત=ચાલ
પેર=રીત; પેઠે
નીસરી=નીકળી
ખાસરૂં=સીધું; રખડ્યા વગર

સમજુતી—હંમેશાં સુરજ ઊગતાં પહેલાં ઊઠવું અને પરમેશ્વરનું નામ લેવું; પછી દાતણપાણી કરી લઇ નહાઇને બધા પાઠ તૈયાર કરવા (૧) માબાપ કહે તેમ કરો. અને વડીલની સાથે વિવેકથી ચાલો; મહેતાજીને બાપ જેવા ગણો. તેથી સારી સમજણ મળશે. (૨) કદાપી જુઠું બોલવું નહિ, અને શરીરમાંથી સુસ્તાઇ કાઢી નાખવી

(મતલબ કે કામ હોંસથી કરવું અને વાર લગાડવી નહિ) બધા સાથે સંપીને ચાલવું, અને સારી સોબત રાખવી. (૩)

રોજ નિશાળે જવું અને મન લગાડીને ભણવું; મહેતાજીની શિખામણ માનવી અને સારી ચાલ ચાલવી (૧) ભણતી વખતે મન રમતમાં રાખવું નહિ, એ નમે સારાં ગોઠે સમજે. નિશાળેથી છુટ્યા પછી સીધા ઘેર જવું (મતલબ કે રમતમાં રખડવું નહિ) (૨)

પાઠ ૯.	પંપાળીને=હાથ ફેરવીને	હલો=ઉંઘ આણવાનું
મા સંબંધી કવિતા	મુખ=મોઢું	ગીત
સર્વ=બધાં	દુખડાં—દુઃખો	પેટ ભરીને=ધરાઇને
જોઈ=દેખી	ભોળા=સારા	માડી=મા
હરખાઉં=ખુશ થાઉં	કલોલ—મજા: આનંદના	નવ=નહિ
ચાંપે=દબાવે	શબ્દો	સૌથી=બધાં કરતાં
સાથ=સાથે	ખાવું=ખાવાનું	હેત=વહાલ, પ્યાર
બોકી=બચ્ચી, ચુંબન	મારી જાત—મારું શરીર	અપાર=ઘણું જ
બાથ ભીડે=બે હાથ	લગાર=જરા	આભાર=પાડ; ઉપકાર
પહોળા કરી છાતી	તે વાર=તે વખતે	
સાથ દબાવે	ઉંઘાડવા=ઉંઘ લાવવા	

સમજુતી—માને જોઇને બહુ ખુશ થાઉં છું. અને દોડતો દોડતો તેની સામે જાઉં છું; મા મને મારી છાતી સાથે દબાવે છે. બચ્ચી કરીને બે હાથ પહોળા કરીને દબાવે છે. (૧) ખોળામાં લઇને મને ધવરાવે છે અને શરીરપર હાથ ફેરવીને ખુશ થાય છે. મારું મોઢું જોઇને (મને જોઇને) હરખાય છે અને પોતાનાં બધાં દુઃખો ભુલી જાય છે. (૨) પંખી આનંદથી બોલતાં હોય તેના જેવા મારા

બોલ મીઠા લાગે છે; મા મને સારૂં સારૂં ખાવાનું આપે છે અને મારા શરીરની સંભાળ રાખે છે, (૩) મને જરા રડતો જાણીને તે વખતે ગભરાતી ગભરાતી દોડી આવે છે; જો હું હસું અને રમું તો તું બહુ ખુશ થાય છે અને મને ઉંઘાડવાને માટે તું હાલરડાં ગાય છે (૪) જો હું માંદો પડું તો તું ઓસડ પાય છે અને તું (માડી) પણ પેટ ભરીને ખાતી નથી; બધા કરતાં તારૂં હેત ઘણુંજ છે. માટે હું તારો ઘણો પાડ માનું છું. (૫)

પાઠ ૨૧.

પરમેશ્વરના ગુણનું ગાયન.

ચંદ્ર=ચાંદો
વીસરૂં=ભુલું
પ્રભુ નામ=પરમેશ્વરનું નામ
અગણિત=ગણાય નહિ એટલા
ઉજાસ=અજવાળું
કાજ=માટે
ઉપયોગી=ખપની; જરૂરની
હવા=પવન
દામ=પૈસા
દીએ છે=આપે છે
પાળે=પોષણ કરે
દેવા=આપવાની
સર્જાવી=પેદા કરી
ઠામ=ઠેકાણે
પાન=પાંદડાં
સેવક=દાસ

સમજુતી—ભગવાનનું ભજન ભુલીશ નહિ, હું કદી પણ ભગવાનનું ભજન ભૂલીશ નહિ. પરમેશ્વરે અજવાળાને માટે ચંદ્રમા સુરજ અને ગણાય નહિ એટલા તારા બનાવ્યા છે. હું કદી પણ(૧) ઘણી જરૂરની જે હવા તે તેં આપી છે તેના કંઇ પૈસા બેસતા નથી હું કદી પણ૦ (૨) તું વરસાદ વડે અનાજ આપે છે અને બધા જીવોનું પોષણ કરે છે. હું કદી પણ૦ (૩)દૂધ દહીં આપવાને માટે તેં બધે ઠેકાણે ગાય અને ભેંસને પેદા કરી છે. હું કદી પણ૦ (૪)

તેં ઝાડ, પાદડાં, ફૂલ, ફળ, આંબો, ગુલાબ, બદામ વગેરે બનાવ્યાં છે. હું કદી પણ૦ (૫) તમે મહેરબાની કરી અને ઘણી વિદ્યા, સુખ અને હિંમત આપો હું કદી પણ૦ (૬)

પાઠ ૨૫.

મા બાપની ચાકરી

લુલા=લંગડા	કાવડ=વાંસને બે છેડે શીકા બાંધી બનાવેલું તે	જેવારે=જે વખતે;જ્યારે
સેવા=ચાકરી	મનસુબો=વિચાર	આશીશ=ભલું થજો એમ કહેવું તે
અમાપ=ઘણી	માતપિતા=મા બાપ	ફરજ=પોતે કરવાનું કામ
કે=કહે ધન=પૈસા	તે વારે=તે વખતે	બજાવી=પુરી કરી
તીરથ=જાત્રા	ધન ધન=વાહ વાહ	મેર=મહેરબાની; દયા
પારખી=જાણી	સારા=ચાકરી કરે એવા	લીલાલહેર=મજા; બધી વાતે સુખી
	સંતાપ=મનનું દુઃખ	

સમજુતી—માધવનાં માબાપ ઘરડાં, લુલા, આંધળાં અને ગરીબ હતાં તેઓની માધવ ઘણીજ ચાકરી કરતો હતો. (૧) માધવને એના માબાપે કહ્યું કે અમારા મનની વાત સાંભળ, જો અમારી પાસે પૈસા અને આંખો હોત તો જાત્રા કરવા જાત. (૨) માબાપનું મન પારખી લઇને તેણે તેમને સુખી કરવાનું ધાર્યું, જો હું કાવડમાં બેસાડીને જાત્રા કરાવું તો આ એમનું દુઃખ મટે. (૨)એવો વિચાર કરીને કાવડ બનાવી અને માબાપને બે બાજુએ બેસાડયાં (૪) પછી ખાંધે કાવડ ભેરવીને જાત્રા કરવા ગયો, માધવના આવા હેતથી બધાને નવાઇ લાગી. (૫) આવા છોકરાને વાહ વાહ છે. (શાબાશ છે.) અને મા બાપને પણ ધન્ય છે; જેને છોકરા સારા હોય તો કંઇ દુઃખ રહે નહિ. (૬) બધી જાત્રા કરાવીને જ્યારે તે ઘેર ગયો. ત્યારે માબાપ ખુશ થયાં; અને ઘણાજ આશિર્વાદ દીધા. (૭) છોકરાએ

પોતાની ફરજ બજાવી, પોતાને જે કામ કરવાનું હતું તે કર્યું તેથી પરમેશ્વરની મહેરબાનીથી માધવ અને તેના માબાપ બધી વાતે સુખી થયા. (૮)

સાર—જે છોકરા માબાપ તરફ પોતાની ફરજ બજાવે છે, તેને રમત ગમત અને સુખજ મળે છે.

પાઠ ૨૯.	સંપે=એક બીજા સાથે	કણસલાં
	સહાય=હંમેશ [મળીને	આવ=આવી રીને
ખેતરમાં કણસલાં	ઉભરાયો થયો	ખળો=કણસલામાંથી
ઘાસ વગેરે કાપ-	સુંદર=સારો	અનાજ જુદું પાડવાની
વાનું કામ.	ફાલ=પાક	જગા; મોટી ખળી
કાપણી=કાપવાનું કામ	લઇએ=છોડપરથી લઇ	હૈયે=મનમાં; હૈયામાં
આમ=આ તરફ	લઇએ	લણણી લણવાનું કામ
ઉમંગે=હોંસથી	બાંધીને=કાળજી	કોળી=બાચકો; નાની
બારમાસ=એક વરસ	રાખીને	પુળીઓ
માસ=મહીનો	કાં=શા માટે	આસપાસ=આજુબાજુ
પીરસીને=મુકીને	ડુંડાં=જુવાર, બાજરીનાં	વાળુ=રાતનું જમવાનું

સમજુતી—હે બાળકો તમે બધા આમ આવો; આપણે હોંસથી કાપણીનું કામ કરીએ. જુઓ જુઓ પેલી વાદળીઓ વરસીને જાય છે, એ બાર મહીનાનું અનાજ આપે છે ને હંમેશાં એક બીજાની સાથેજ રહે છે હે બાળકો. (૧) ખેતરમાં કેવો સારો પાક થાય છે ! ચાલો આપણે કાળજી રાખીને કાપી જઇએ; શું કરવા ઢીલ કરીએ ? (વાર લગાડીએ ?) હે બાળકો. (૨) હાથમાં દાતરડું વાંકું લઇને આ પ્રમાણે કણસલો કાપો; અને તેના ખળીમાં લઇને

ઉમેદ્દો કરતાં મનમાં હિંમત રાખો. હે બાળકો૦ (૩) અનાજ ઉપણવાનું કામ પુરૂં થયું. હવે બધાએ આ બાજુએ ધામ કાપોઃ અને ઘાસના અચ્યાર બાચકા ભઇને બધાએ આ બાજુએ મૂકો હે બળકો૦ (૪) આપણે પૂળા બાંધીને માડામાં નાખી કામ પુરૂં કરીએ, પછી ઘેર જઇને વાળુ કરીને બધાએ પરમેશ્વરનું ભજન કરીએ. હે બાળકો. (૫)

પાઠ ૩૦.	અનાજ=દાણા	કોથળા=ગુણો
ખળાં=કણસલામાંથી અનાજ છુટું પાડવાની જગા; ખળીઓ	છુટું=જુદું	સાથ=સાથે
	સરસ=સારા	હાથોહાથ=એક બીજાની મદદથી
	પડાય=કચડાય	
આ વાર=આ વખત	કણ=અનાજના દાણા	ખેડુત=ખેતી કરનાર
દીસે=દેખાય	ઉપણીએ=ઝાટકીએ	મહેનત=મજુરી
તૈયાર=કણસલાંથી ભરેલાં	ફુસાં=ફોતરાં; છોડા	ફળ=ફાયદો; લાભ

સમજુતી—હે છોકરાઓ હમણાં આમ આવો જુઓ ખળીઓ તૈયાર દેખાય છે, ચાલો આપણે આજે ડુંડામાં રહેલા અનાજના દાણા તરત છુટા પાડીએ (૧) જેમ બળદો ગોળ ફરતા હોય તેમ આપણે આ ફરીએ, જો ડુંડા સારી પેઠે કચડાય તો તેમાંથી અનાજના દાણા તરત છુટા પડે. (૨) આવી રીતે, બધું અનાજ આપણે ટોપલામાં ભરીએ અને પછી ઝાટકીએ, જુઓ ફોતરાં ઉડી જાય છે, ને બધા દાણા નીચે વેરાય છે. (૩) આપણે સાથે કોથળીઓ લઇ તેમાં આવી રીતે હાથોહાથ અનાજ ભરીએ, જો આપણે ખેડુતનું કામ કરીએ તો આપણને આજે મજુરીનું ફળ મળે (૪)

ડ્રીલ માટે સુચના.

૧ છોકરાઓને ઉંચાઇના પ્રમાણમાં, સીધી હારમાં એકેક હાથને છેટે, બે પગ વચ્ચે ૪૫ અંશનો ખુણો રહે એવી રીતે ઉભા રાખવા પછી નંબર આપવા.

૨ નંબર બોલતી વખત દરેક છોકરો પોતાની નીચેના છોકરા તરફ મોં કરી નંબર બોલે.

૩ શિક્ષકની સામે ઉભેલી હારના છોકરાઓએ પોતાના જમણા હાથ તરફથી એટલે શિક્ષકના ડાબા હાથ તરફથી નંબર બોલવાની શરૂઆત કરવી.

૪ આગળ કે પાછળ ખસવામાં પ્રથમ ડાબો પગ ઉપાડવો.

૫ એક હારની બે હાર કરવાની રીત નીચે પ્રમાણે.

૧ છોકરાઓને એક, બે; એક બે; એ પ્રમાણે નંબર આપવા.

૨ બેકી નંબર એક ડગલું આગળ-

૬–બેકી નંબર એક ડગલું જમણી તરફ. આ મુજબ હુકમ કરવે.

૧–છોકરાઓને એક, બે, ત્રણ; એક, બે, ત્રણ; એ પ્રમાણે નંબર આપવા.

૨–એક નંબરવાળા એક ડગલું આગળ.

૩–ત્રણ નંબરવાળો એક ડગલું આગળ

૪–એક નંબરવાળા એક ડગલું ડાબી તરફ.

૫–ત્રણ નંબરવાળા એક ડગલું જમણી તરફ.

૭. ડમ્બેલ્સ. કડાં બારબેલ્સ વગેરે વહેંચવાની રીત નીચે મુજબ.

૧ દરેક હારના છેલ્લા નંબર પાસે ડમ્બેલ્સો મૂકવા પછી છેલ્લા નંબરે બે ડમ્બેલ્સ બે હાથમાં લઇ પોતાની ઉપરના

છોકરાને આપવા એ પ્રમાણે દરેક છોકરા પાસે બબ્બે ડમ્બેલ્સ થશે.

૨ ડમ્બેલ્સ બેય પગ સામા રીખી હારમાં ઉભા મુકાવવા, ડમ્બેલ્સ વચ્ચે એક વેંતનું અંતર રાખવું.

૩ ડમ્બેલ્સ મુઠીનાં એન્થા હાથીને પકડાવવા.

૪ રમતો અગિયાર સુધી ગણી બારે ડમ્બેલ્સ પહેલાં મુકેલા હતા તે પ્રમાણે મુકાવી દેખડાવવા.

૫ એકની કૃતિ પ્રમાણે ૩. ૫, ૭. ૯, ૧૧.

૬ બેની કૃતિ પ્રમાણે ૪, ૬, ૮, ૧૦.

૬ રમતો પહેલા વહેલા શિક્ષકે જાતે કરી બતાવવી

૭ સારો મહાવરો થયા પછી છોકરાઓને પોતાની મેળે બોલીને કરવા કહેવું.

૮ એક રમત બરાબર સફાઇથી ને સાથે કરતાં આવડયા સિવાય બીજી રમત શીખવવી નહિ.

૯ દરેક રમત કરાવતાં પહેલાં "તૈયાર" અને "ચાલો" એવા હુકમ આપવા.

૧૦ "તૈયાર" કહેતાની સાથે છોકરાઓએ ડમ્બેલ્સ લેવાને તૈયાર થઇ રહેવું.

૧૧ "ચાલો" ના હુકમની સાથે ડમ્બેલ્સ લઇ હાથ સીધા લટકતા રાખી ઉભા રહેવું.

ડમ્બેલ્સની ડ્રિલ

હેતુ–છાતી તથા હાથના સ્નાયુ ખીલવવાનો.

રમત ૧ લી—૧) બેઉ હાથ ઉંચા ૨) બેઉ હાથ નીચા.

રમત ૨ જી-૧) જમણો હાથ ઉંચો. ડાબો હાથ લટકતોજ રહેવા દેવો. ૨) એકથી દશ.

રમત ૩ જી—૧) બેઉ હાથ ઉંચા. ૨) બેઉ હાથ ખભાની સીધી લીટીમાં (મુઠ્ઠીઓ આકાશ તરફ)

રમત ૪ થી—૧) બેઉ હાથ સામા મુઠ્ઠીઓ આકાશ તરફ) ૨) બેઉ હાથ ખભાની સીધી લીટીમાં (મુઠ્ઠીઓ આકાશ તરફ.)

રમત ૫ મી—૧) બેઉ હાથ ખભાની સીધી લીટીમાં (મુઠ્ઠીઓ આકાશ તરફ) ૨) બેઉ હાથ કોણીમાંથી વાળી મુઠ્ઠીઓ ખભાને અડકાવવી.

રમત ૬ થી—૧) બેઉ હાથ સામાં (મુઠ્ઠીઓ આકાશ તરફ.) ૨) બેઉ હાથ કોણીમાંથી વાળી મુઠ્ઠીઓ ખભાને અડકાવવી.

રમત ૭ મી—૧) બે પગ વચ્ચે એક ફુટનું અંતર રાખી બેઉ હાથ જમણી તરફ તીરકસ લંબાવવા. (ડમ્બેલ્સ ઉભા રહે એવી રીતે.) ૨) આ વખતે ડાબા પગની એડી ઉંચી કરવી એકથી ઉલટું. કરાવવું.

રમત ૮ મી—૧) જમણો હાથ જમણી તરફ તીરકસ લંબાવવો. અને ડાબા હાથની મુઠ્ઠી છાતી આગળ. (જમણો હાથ ને ડાબો હાથ તીરકસ લીટીમાં રહે તે પ્રમાણે) ૨) એકથી ઉલટું.

રમત ૯ મી—(પગ પહેલાં હતા તેમ. ૧) જમણો હાથ સામો ડમ્બેલ્સ ઉભો રાખવો, ડાબો હાથ પીઠગમ પાછળ ખેંચવો ૨) એકથી ઉલટું.

રમત ૧૦મી—૧) બેઉ હાથ સામા (ડમ્બેલ્સ ઉભા રાખવા) ૨) બેઉ હાથ પાછળ પીઠગમ ખેંચવા. (મુઠ્ઠીઓ છાતીના પાસાને અડકેલી રહે એવી રીતે)

પાઠવાર જોડાક્ષર તથા અઘરા શબ્દો.

દિવાળી	દેવ	કબાટ	ફળીઆ	ભાવ્યો
અક્ષર	બુધવાર	કોટ	ઘાઘરી	કર્યો
ઊઠયાં	મુસલમાન	દહાડામાં	ઓઢણી	કયારે
નિશાળ	જુમેરાત	અહીં	બહેન	આપ્યા
સઘળાં	શનિવાર	નિશાળીઆ	પરીક્ષા	અડાડયો
લીંપણુ પે	અઠવાડીઉં	શિખામણ	ચોકખાઇ	પૂછ્યું
સંજોરી	દરવાજા	ઇશ્વર	ચોકખાં	મહીના
ઘુઘરા	પાટીઉં	જ્ઞાન	ધૂળ	કંસાર
સાથીઆ	ફુલઝાડ	નિત્ય	સાહેબ	બોલાવ્યાં
લુગડાં	ચંપેલી	દાતણ	ગંદી	મંડયો
ઘરેણાં	કસરત	નાહ્યા	ગંદા	કઢી
દારૂખાનું	ઘંટ	જુઠું	ઢીલ	પાનસોપારી
દિવસ	બેઠક	ચિત્ત	સાલ્લા	સગાં
ફટાકડા	શીશી	શિક્ષા	ધોવડાવવા	વહુ
ત્રીજે	નકશો	લાગ્યો	ગંદવાડ	ભત્રીજો
શુક્રવાર	ચિત્રો	ધોતડી	માંદા	ભાણેજ
ઢેકો	ટાંગેલો	અંગરખી	કવિતા	માસો
સુખી	લખોટા	લેખી	દીલ	પીતરાઇ
રવિવાર	ચોકઠું	સુરવાલ	વરસગાંઠ	મસિઆઈ
મુલાકાત	પીરસ્યાં	ઢોડી	દુઃખ	બાપુ

ઓરમાઈ	બબ્બે	વાદળી	નુકસાન	ગમ્યો
દૂધભાઇ	મકુભાઇ	ધીરૂ	ખીજાયા	માસી
સાસુ	ઉજાણી	રામુ	ધુંધાય	દેસાઇ
સર્વે	આશાપાલવ	જીત્યો	ઢોર	લલ્લુ
બાથ	શંભુભાઇ	સુંદર	ઉપરાંત	વખાણ્યો
દુ:ખડાં	પૈંગમા	મળ્યો	નક્કી	પાઘડી
ભૂલી	વધારેલાં	કાંબળી	જુદો	સાચ્ચાબોલુ·
કલોલ	લીંબુ	રડ્યા	છૂટ્યો	મરકરી
ખુશ	નારંગી	વિના	મૂકી	પસ્તાય
ઓસડ	લાડુ	સદાગરો	દીનાધિન	બચ્યાં
ક્યાં	રાંદેરી	દેડકાં	સમજ્યો	ભૂંસા
બોલ્યો	શેતરંજી	પથરા	પૂર્ણ	શરમાઈ
પ્રમાણે	પાંદડાં	ફેંકાફેંકી	હોશિયાર	નાખ્યા
સોરાબજી	કુલડીઓ	ચડાચડ	સેળભેળ	છેતર્યા
કર્યું	પાથરણું	માર્યા	સંતાવા	સપડાય
આદર્યું	વાડકો	ડાહ્યા	ફીકર	જીહાણું
પૂંછે	ચટણી	ઊઠ્યો	શાબાશ	શિયાળ
ઉતર્યા	ખૂબ	પ્રાણી	પુરી	જુક્તિ
માંડ્યું	અગણિત	હંમેશાં	આદુ	કુંડા
આલ્યા	ઉજાસ	રસ્તો	વંતાક	લાગણી
વિચાર	દૂધ	ફુંફાડા	દહાડીઆ	વાણુ
કર્યા	સ્વપ્નું	ઉંદર	બૂડે	ઝુંડ
સાંભળતાં	શિકાર	ટાપી	મૂકે	વિલાય

બાંધ્યું	બગડ્યું	ઝુંડી	ફાતરડાં	ઉપણીએ
મોંમાં	રૂપાળું	ચટકા	ત્રણ	કુંભા
દૂર	મૂક્યો	પ્રાણ	ચમત્કાર	ઊંડી
રસ્તામાં	પકડ્યું	લુચ્ચા	પાથરા	કોથળા
અન્ન	માંડ્યું	આંબળા	પહોંચ્યા	ચંદ્રમા
ભૂખ્યો	છલંગ	મનમુખો	સમડી	ત્યાંસુધી
ભિખારી	પુરુષ	સંતોષ	ઠાલવ્યો	નીકળ્યો
પ્રભુ	પોપટ	આશીશ	પરણાવી	ખુણામાં
આંધળો	પરમેશ્વર	અનુરાગ	કુંપણ	વિષે
અપંગ	આણ્યું	મર્યા	ઢગલા	અજવાળું
દુકાન	ઉંદરડી	ઉંડું	પીળાં	કામઠું
કોઠી	ભંડારીઉં	સુખી	હોંસીથી	ઝગઝગે;
વિદ્યા	બિલાડી	ઝુપાય	ઉમંગ	વાદળાં
ચંદ્ર	પૂછ્યું	ધરું	વાદળીઓ	બેસાડ્યાં
લાગ્યાં	ભલા	કાઢ્યા	લીલાંછમ	તુરીઆ
ઢંકાય	સીંચ્યાં	ઢબુ	વચ્ચે	ગલફાં
મોકાં	અધેના	મુનાદિ	ચડ્યાં	દરીઆ
નાખ્યું	રૂપીઆ	દટીંગો	વીંટળાય	ચોળ્યાં
ઈંટવાળો	શેઠ	ફૂંકણી	તરબુચ	રહ્યાં
નળીઆં	ઘાડીઉ	કાબુક	કુંભ	ચોકખી
ઠર્યા	કુહાડી	જમાન	ગાંઠ	રેલમછેલ
કોઠીઆ	સોય	સફાઇ	લાવ્યાં	છેબરીઆ
ધાતુઓ	લાકડકોઠા	ભોંયમાંથી ફૂલ		પરસાદ

ખુબડી	ખુદર	કોહળાનો	ક્યાંથી	ઠેકું
ચળકાટ	હીમડા	જમણુ	પત્થર	સમજ્યો
ભિખારી	ટટ્ટાર	ગોટલો	પ્યાલું	પિત્તળ
ત્રિકોણ	ઉંચું	હુનદર	નીરખું	લુહાર
ગલગોટા	ફૂટ	ધોળજે	ભુકો	તપાવ્યો
દાડમ	ડાળીઓ	ડીંટું	પ્યાલો	ટીપ્યો
જમરૂખ	ખરબચડી	હીંડો	ડહોળું	તાંબુ
લટકતું	ખુરસીઓ	કૂતરો	કાદવ	ટિપાય
મધપુડો	ખાટલા	શીંગડાં	સાહી	ઓળખાવ્યાં
મધમાખી	પાટલા	અમળાઇ	ચૂસી	વતા
ઝળકારતો	લીલુંછમ	તૂટી	નિરાંત	શાક
ભૂખ	હાલરડું	ફડાફડ	વાગોળતું	સડ
કારડાં	ધુમણુ	ફટાફટ	વગડાઉ	છેહલી
લુચ્ચા	ચીતરેલ	સોળ	ઘેટું	ટીપું
જીવજંતુ	મશરૂ	નહિ	ક્યારે	ઠરાવ્યો
સળેખું	ચિનાઇ	કહીં	મળ્યું	ગુપચુપ
ભાવ્યું	ફૂલડા	માંસ	લાગ્યું	સુરજ
આણ્યાં	હિંચોળું	જીવડાં	ફૂદડું	બોલાવ્યો
પડીકા	ઝુલાવવા	ઇંડાં	ગબડ્યું	ગાડું
શીખવ્યું	પાંસરૂં	સૌ	ચ-તુપાટ	મજબુત
જાંબુડો	બનાવ્યો	પારખુ	દશામું	દાણાં
મુખડું	ગોદડીઓ	પાંગરા	આંગળાં	ખવરાવવાં
શીખંડ	ભીડાએલાં	દોયણાં	દૂધપાક	જળકુકડી

☛ નીચેનાં પુસ્તકોનો ઉપયોગ કરવાથી
આપોઆપ બુદ્ધિ ખીલવાની સાથે ☚

ભલે એકવાર ખરીદશો નહિ, પણ જોજો. જોવાથી લાભજ છે.

ડિક્ટેશન શિક્ષકમાં શું શું છે ?

૧] પાઠવાર અઘરા શબ્દો. ૨] જોડણીના એકજ સરખા નિયમવાળા શબ્દો ૩] કઠિન મળતા શબ્દોની તારવણી. ૪] જોડાક્ષર. ૫] મળતા જોડાક્ષર.

☛ ડિક્ટેશન શિક્ષક. ☚

બાળપોથીનો	૦-૨-૦	ત્રીજીનો	૦-૩-૦
પહેલીનો	૦-૨-૬	ચોથાનો	૦-૪-૦
બીજીનો	૦-૩-૦	પાંચમ.નો	૦-૪-૦

ત્રિવેદી વાચનમાળા તથા કન્યા વાચનમાળા પુસ્તક ૧લા નો

☛ " મુખગણિત શિક્ષક. " ☚

બાળવર્ગનો	૦-૧-૬	ત્રીજા ધો૦ નો	૦-૨-૬
પહેલા ધો૦ નો	૦-૧-૯	ચોથા ,,	૦-૪-૦
બીજા ,,	૦-૨-૦	પાંચમા ,,	૦-૪-૦

→ ભૂગોળની પ્રશ્નોત્તરમાળા. ←

ગુજરાતની	૦-૩-૦	મુંબઇ ઇલાકાની	૦-૪-૬
હિંદુસ્તાનની	૦-૪-૦		

" ભૂગોળ શિક્ષક "

સુરત શહેરનો	૦-૩-૦	સુરત જિલ્લાનો	૦-૩-૦

☛ સુંદરજી કૃત નવી પહેલીના અર્થ બે આના. ☚

બીજા ધો. માટે "અંકગણિતનાં મનોયત્ન" પાંચ આના.

જાહેર ખબર.

સાતમીના અર્થ જેની અંદર શબ્દાર્થ વ્યુત્પત્તિ અને રૂઢ પ્રમાણે શાસ્ત્રીય પદ્ધતિથી વ્યુત્પત્તિ; કવિતાનું વિવરણ-સ્ફુટીકરણ; સમાસ પ્રકરણ; બારબેલ્સની ડ્રીલ વગેરે. **છઠ્ઠીના અર્થ** જેની અંદર શબ્દાર્થ વ્યુત્પત્તિ અને રૂઢ પ્રમાણે, કવિતનો અન્વય: સમજુતી; વ્યુત્પત્તિ; પાઠના સવાલ, પાઠનો સાર વિગેરે. **પાંચમીના અર્થ** જેની અંદર અર્થ કવિતાની સમજુતી; વ્યુત્પત્તિ; પાઠના સવાલ; પાઠનો સાર; અપૂર્ણાંકના નિયમો; અઘરા શબ્દો; જોડાક્ષરો; વગેરે **ચોથીના અર્થ** જેની અંદર અર્થ, કવિતાની સમજુતી; પાઠના સવાલ; પાઠનો સાર; અઘરા શબ્દો; જોડાક્ષર, ડ્રીલ; મુંબઈ ઇલાકાની ભુતળ વગેરે **ત્રીજીના અર્થ** કવિતની સમજુતી, પાઠના સવાલ; પાઠનો સાર: ભુગોળના સવાલ; અઘરા શબ્દો; જોડાક્ષરો; ડ્રીલ. **બીજીના અર્થ** જેની અંદર અર્થ, કવિતાની સમજુતી, પાઠનો સાર; અઘરા શબ્દો. જોડાક્ષરો, કિન્ડરગાર્ટન પદ્ધતિ મુજબ શીખવવાની, ભુગોળ, ડમ્બેલ્સની ડ્રીલ વગેરે **પહેલીના અર્થ** જેની અંદર અર્થ કવિતાની સમજુતી: અઘરા શબ્દો. જોડાક્ષરો, ડમ્બેલ્સની ડ્રીલ પાઠના સવાલ તથા સાર વગેરે. **બાળવર્ગની નોટ** જેની અંદર મુળાક્ષર શિક્ષણ: લખવાનો ક્રમ: કના માત્રા વગરના શબ્દો, કિન્ડરગાર્ટન મુજબ બારાખડી શિક્ષણ અંક એકથી ૧૦૦, ગણિતની સમજુતી અંકનો ઉપયોગ, સરવાળા બાદબાકીના [illegible]. [illegible] ગીત સાથે, સાદી [illegible]ની રમત. એકથી પાંચ સુધી ઉમેરવા બાદ કરવા વિગેરે.

છગનલાલ મોતીરામ શાહ, સાહેર-સુરત